

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*ઉમંગે ઉમંગે ચીની દારૂખાનું ફૂટે છે,*
*ઈલેક્ટ્રોનીક્સ ને તોરણોની મજા લૂટે છે,*
*છૂટે છે 'સ્વદેશી' વિચારધારા સિદ્ધાંતથી -*
*ભારતીય માનસમાં દેશદાઝ ખૂટે છે...*
*(સસ્તી સુખડીને...)*

### હાઈકુ

*ચિનાઈ માલ,*
*કરે વિરોધ પણ -*
*ઉપરછલો...*
*(મોટા પ્રોજેક્ટમાં પરવશ)*

*રગે રગમાં*
*ફરે છે સસ્તો માલ -*
*વ્યાપારી બુદ્ધિ!!*
*(ચીનાઈ લોભ...)*

## ચિંતન

**સાધુ ભૌંરા જગ કલી, નિશદિન ફિરૈ ઉદાસ,**
**ટુક ટુક તહાં વિલંબિયા, જહં શીતલ શબ્દ નિવાસ.**

સાધુ માટે નિર્લેપ ભાવ જરુરી છે. કબીર કહે છે, સાધુ ભમરા જેમ છે. જગત ફૂલ સમાન છે. જે રીતે ભમરો એક ફૂલથી બીજા ફૂલ પર ફરતો રહે છે. તેમ સાધુની પ્રકૃતિ માટે કબીર 'ઉદાસ' વિશેષણ પ્રયોજે છે. આ ઉદાસી ગ્લાનિરૂપે નથી પણ ઉદાસીન-અનાસક્ત ભાવે છે. જયાં શીતળતાં છે, સમતા છે, શાંતિ છે, સંવાદ છે ત્યાં શબ્દરૂપી જ્ઞાન છે, સમજણ છે સજાગતા છે એવા શિખરો પર સાધુ થોડો સમય રોકાય છે, વિશ્રામ કરે છે. સંસારની અનેકવિધ પ્રવૃત્તિ પ્રત્યે ઉદાસીન ભાવ તે જ વૈરાગ્ય. આજે તનાવની બીમારી, દુઃખ, હિંસા અને અસલામતી અનુભવીએ છીએ ત્યારે સાધુ માટે જ નહીં પણ સંસારી માટે પણ અનાશક્તિ સુખદાયી બને છે.

સંસારમાં રહીને પણ અલિપ્ત રહી સંસારના કર્તવ્યો બજાવવાં જોઈએ. નિર્લેપ ભાવે સંસારમાં ઓતપ્રોત દેખાવું એ જ 'સાધુત્વ' છે. સંસારમાં આ પરિસ્થિતિને 'વિવેક' - 'તાટસ્થ્ય' કહેવાય.

## સુવિચાર

- કોઈને આકર્ષિત કરવામાં આપણામાં વિશ્વસનીયતા હોવી જોઈએ, કોઈનો વિશ્વાસ જીતવામાં આપણે ભરોસાપાત્ર હોવા જોઈએ અને તે માટે આપણામાં પ્રામાણિકતા હોવી જોઈએ - **જીવનસૂત્ર**
- ખતરનાક ભાવનાને કાબૂમાં રાખવા કરતાં તે ઉત્પન્ન જ ન થાય તે વધારે ઉત્તમ છે, ભલાઈ તેને નિયંત્રિત કરવામાં નહીં પણ સારા વિચારો જ ઉત્પન્ન થાય તેવી માનસિકતા કેળવવામાં છે - **સેનેકા**
- તમારી મહત્ત્વાકાંક્ષાનું સન્માન ન કરે તેવા લોકોથી દૂર રહો - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈર્ષાનો ઉપયોગ આગળ વધવા અને ક્ષમતા વધારવા માટે કરો - **સંત ઓગસ્ટીન**
- ખુદ પોતાનું જીવન સુધારવામાં આવે વ્યસ્ત થઈ જાઓ કે બીજા લોકોની બૂરાઈ કરવાનો સમય જ ન રહે - **સંત રોબિન**
- ક્રોધિત વ્યક્તિ સદા વિષથી ભરેલો રહે - **કચ્છમિત્ર**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

આ સંસાર-વિશ્વમાં બધાં જ સુખ-દુઃખ અપેક્ષાઓ અને ઈચ્છાઓમાંથી જન્મે છે, માન-અપમાનમાં જેણે સમત્વ કેળવી લીધું છે તે તટસ્થ-મુક્ત થઈ જાય છે. ગીતાજીનો પણ આ જ સંદેશ છે.

મિસર દેશના મહાન સંત મેકેરિયસ પાસે એક યુવાન આવ્યો અને પૂછ્યું. મને મુક્તિનો સાચો માર્ગ બતાવો... સંત કહે - કબ્રસ્તાનમાં જા અને ત્યાં પોઢેલા બધા મૃતદેહોને માટે મોટેથી અપશબ્દો ભાંડી આવ -

યુવાન કબ્રસ્તાન ગયો - મૃતદેહોને ગાળો ભાંડી પણ તેમની ચિર નિંદ્રાને કોઈ અસર ન થઈ - શાંતિ જ છવાઈ રહી - યુવાન પરત સંત પાસે આવ્યો. વાત કરી...

સંત કહે, હવે તું ફરીથી કબ્રસ્તાનમાં જા અને મૃતદેહોની પ્રશંસા કર - પછી એ બધાં તને શું કહે છે તે મને, આવીને કહે. યુવાન ફરી કબ્રસ્તાનમાં ગયો, પ્રશંસા કરી પણ કોઈ મૃતદેહ હલ્ય નહીં - એ જ નિરવ શાંતિ.

યુવાન પાછો મેકેરિયસ પાસે આવ્યો. સંતે પૂછ્યું કંઈ સમજ પડી? યુવાને માથું હલાવી 'ના' પાડી.

સંત કહે, જેમ 'મૃત' ને માન-અપમાનથી કંઈ જ ફરક પડતો નથી એમ સંસારમાં તાટસ્થ્ય કેળવી માત્ર નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ જ બજાવવી એ જ 'મુક્તિ' નો માર્ગ છે.

# ત્યાગીને ભોગવી જાણો

## તંત્રીસ્થાનેથી...

વિશ્વમાં કોમ્પ્યુટર ક્રાંતિના પ્રણેતા ગણાતા 'માઈક્રોસોફ્ટ' કંપનીના સંસ્થાપક બિલ ગેટ્સ દુનિયાના સૌથી ધનવાન શ્રેષ્ઠી છે. હમણાં એમણે આપેલ એક મુલાકાતમાં જણાવ્યું છે કે પોતાની ૭૦ અબજ પાઉન્ડ જેટલી અઢળખ સંપત્તિ તેઓ દાનમાં આપી દેવાના છે. એમના આ નિર્ણયથી ભલભલા દાનેશ્વરીઓને આશ્ચર્ય થયું છે. જાતમહેનતથી ઊભી કરેલી આ ગંજાવર મિલકતમાંથી એક પાઈ પણ પોતાનાં સંતાનો માટે નહીં રાખવાનો એમનો સંકલ્પ ખરેખર ચેરિટીના ઈતિહાસમાં પણ અનન્ય છે. એમનાં ત્રણ બાળકો - બે પુત્રીઓ અને એક પુત્ર પણ જાણે છે કે પિતાએ એમના માટે અગાઉની જુદા કાઢી રાખેલ સંપત્તિના એક નાનકડાં અંશથી વધુ કંઈ જ એમને પૈતૃક વારસા તરીકે મળવાનું નથી. પરંતુ પિતાના આ વિશિષ્ટ નિર્ણયથી તેઓ પ્રસન્ન છે. બિલ ગેટ્સના નિર્ણયથી એમનાં બાળકો ઊલટાનાં ગર્વ અનુભવે છે કે એમના પિતાએ સ્વપુરુષાર્તથી અર્જિત કરેલી આ અઢળક સંપત્તિ દુનિયાનાં જરૂરિયાતવાળાં લોકો માટે ખપ લાગશે. પિતાએ એમને તો પોતાની જિંદગી સુપેરે પાર પાડવા માટે જરુરી એવું ઉચ્ચ શિક્ષણ આપીને પાછળની પેઢીઓ માટે પ્રેરક ઉદાહરણ રજૂ કરી જ દીધું છે. ઈન્ટરવ્યુમાં બિલ ગેટ્સ જણાવે છે કે મેં મારા બાળકોને અબજો ડૉલરના ફંડને બદલે ઉચ્ચ કેળવણી આપી છે, જેનાથી તેઓ પોતાની કરિયરની શરુઆત કરી શકે છે. એવું પણ નતી કે તેઓ કયારેય ગરીબ બની જશે. તેમની પાસે થોડાંક નાણાં અગાઉથી છે, અને પોતાની આવડતના આધારે બાકીનાં તેઓ જાતે જ કમાઈ લેશે. બિલ ગેટ્સ અને તેમના પત્ની મેલિન્ડા ગેટ્સનાં ત્રણ સંતાનો પૈકી જેનિફર વીસ વરસની છે અને તે કેલિફોર્નિયાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં કૉલેજના બીજા વર્ષની છાત્રા છે. આ યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયંસના બિલ્ડિંગ માટે બિલ ગેટ્સે ૫૦ લાખ પાઉન્ડનું દાન આપેલું છે. બીજાં બે નાના બાળકો રોરી અને ફોએલ હજી શાળામાં ભણે છે. દુનિયા આખી જયારે 'પૈસો મારો પરમેશ્વર' વાળા સિદ્ધાંતમાં માનતી હોય અને બાળકો માટે પોતાની કમાણી મૂકી જવામાં ઈતકર્તવ્યતા સમજતી હોય તેવા સમયે વિશ્વનો સૌથી ધનવાન શ્રેષ્ઠી એક નવો જ ચીલો ચાતરી અનુકરણીય ઉદાહરણ મૂકી જવા માગે છે. તુલસીદાસે કહ્યું છે : જહાં સુમતિ તહાં સંપત્તિ નાના, જહાં કુમતિ તહાં વિપત્તિ નિધાતા. જયાં 'સુમતિ' કહેતાં સદ્‌બુદ્ધિ છે, ત્યાં સંપત્તિની ખોટ કયારેય વરતાશે નહીં. આપણાં શાસ્ત્રો વારસામાં સંસ્કાર રૂપી સંપત્તિ આપતા જવાની બાબત પણ વધારે ભાર મૂકે છે. બિલ ગેટ્સ એમની વિશાળ સંપત્તિનો ખજાનો દુનિયાના સર્વહારા લોકો માટે લૂંટાવી દઈ પેઢીઓ સુધી યાદ રહે એવું દૃષ્ટાંત મૂકી જવા માગે છે. ધનપતિ વૉરન બફેટે પણ સંપત્તિના પંચ્યાસી ટકા હિસ્સાનું દાન કરી દઈ આવું જ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. 'ત્યાગીને ભોગવી જાણો' - 'તેન ત્યક્તેન ભુંજીયા :' નું ઉપનિષદ સૂત્ર કદાચ ભારતીય ઉદ્યોગપતિઓ કરતાં સવિશેષ પાશ્ચાત્ય અબજોપતિએ ચરિતાર્થ કરી બતાવ્યું હોય એવું નથી લાગતું?

# જીભથી માણસ નવા કર્મો ઊભા કર્યે જાય છે

**વ્યંગ લેખ**

બિપિન ત્રિવેદી

જીભને સંસ્કારી ભાષામાં રસના કહે છે. આપણે ત્યાં લોકબોલીમાં એને લુલી, લુલીબાઈ કે લલૂડી કહે છે. તો કવિઓ એને જીભલડી કહે છે. હિંદી ભાષામાં જબાન કહે છે તો અંગ્રેજી વાળા એને ટંગ કહે છે, પણ એમાં રંગ નથી આવતો.

આયુર્વેદવાળા કહે છે કે, જીભ જ બધા રોગોનું કારણ છે. લલુડી લાડ કરે છે અને આપણે તેને સવાદ કરાવતા રહીએ છીએ. પછી એક દિવસ તે આપણને પથારી ભેગા કરે છે. ના સમજ્યા? લલુડી જીવા રાજા એવા જીવની માનિતી રાણી છે. જીવા રાજા તેની મોહજાળમાં ફસાયેલો રહે છે અને આખી જિંદગી તેના મોજશોખ પૂરા કર્યા કરે છે. છેવટે કંગાળીને એક દિવસ અણમાનિતી રાણી એવી પેટલડી એટલે કે પેટ પેલા જીવા રાજા સામે બળવો પોકારે છે. માણસે માનીતી અને અણમાનીતી બંને રાણીઓ સાથે એકસમાન વર્તન કરવું જોઈએ. એટલે કે અણમાનીતી રાણી એવા પેટડીયાની ઉપેક્ષા કરવી જોઈએ નહીં.

જયારે ડાહ્યા માણસો એટલે કે દાર્શનિકોના મતે જીભ જ કર્મબંધનનું અને સર્વ સુખ અને દુઃખનું મૂળ કારણ છે. જીભથી જ માણસ દુશ્મનો ઊભા કરે છે અને દુઃખી થાય છે. જો જીભ સારી હોય તો માણસ મિત્રો ઊભા કરે છે. કર્મનાં સિદ્ધાંતની થીયરી મુજબ પણ જીભથી માણસ નવા કર્મો ઊભો કર્યે જાય છે. આમ લલુડી જ નેક્ષ્ય જન્મ અને મરણનું કારણ બને છે. સ્વાદના શોખિનો માટે લલુડી બિમારીનું કારણ બને છે. જેને લુલી વશમાં વર્તે, તેને સહુ વાના થાય છે અને તે જીવ આ લોકોમાં અને પરલોકમાં સર્વ પ્રકારે સુખી થાય છે અને ભવિષ્યમાં મોક્ષને પ્રાપ્ત કરે છે. નરસિંહ મહેતા ભાભીની જીભને કારણે ભગવાન ને પામી શક્યા હતા. જયારે દ્રૌપદીની જીભને કારણે મહાભારત સર્જાયું હતું.

ઘણાની જીભ ગોડ ગીફ્ટ રૂપે મીઠી હોય છે. એવા લોકો જયાં જાય ત્યાં વાતાવરણ જીવંત બની જાય. સોગિયા મો વાળા પણ મલકાઈ ઊઠે. જયારે ઘણાની જીભ લાઈન લેન્ગથ વગર જ વેતરણી હોય છે. ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તે ભઈડે. જે લાકડીના માર્યા કદી ન મરે, એ મેણાના માર્યા મરી જતા હોય છે. અમારા પરમ સખા અને વડીલ એવા શંકરલાલને બંને કાને કાયમને માટે ધાક પડેલી હોય છે. કહે કેમ, તો કહે આ તમારા ભાભીની લલુડી.'

હમણાં છાપામાં એક સમાચાર આવ્યા છે કે, એક મોટા ઘજાના નેતાને તેમની જીભ કરતા વધારે લાંબી હોવાથી તેનું આપરેશન કરાવવું પડ્યું છે. કદાચ કોઈ નેતાનો પોતાની લાંબી જીભ કપાવવાનો દુનિયામાં આ પ્રકારનો પ્રથમ કિસ્સો હોવો જોઈએ.

જયારથી આ સમાચાર છપાયા છે ત્યારથી, હરરોજ અમારી સોસાયટીના નાકે મળતી સાયંકાલીન સભાના સભ્ય શંકરલાલ, ચાના ચસકુડીયા નવીનભાઈ, રસયોગેશ્વર બંડીસ્વામી, લારીમાંથી પાણીપુરીને શૂન્ય કરી જનાર પાણીપુરીના શોખીન એવા 'શૂન્ય' પાણીપુરી અને ઉપાધિ આપી ઉર્ફે ઉપાધ્યાય વિગેરે મિત્રોને ચર્ચા કરવાનો નવો રસપ્રદ મુદ્દો મળી ગયો છે.

આવી એક સાંજે શંકરલાલ કહે, 'છાપામાં જણાવ્યું હતું કે, આ નેતાની જીભ જરુર કરતાં વધારે લાંબી હતી.' ચાના ચસ્કુડીયા નવીનભાઈ કહે, 'આમ તો બધા નેતાઓની જીભ જરુર કરતાં વધારે લાંબી જ હોય છે ને.' બંડી સ્વામી બંડીના બટન સાથે રમતાં રમતાં કહે, 'સિવાય કે એક ભૂતપૂર્વ સદા મૌની નેતા ફૂસ ની.'

નવીનભાઈ કહે, 'એ તો એ નેતાએ તેમના હાઈકમાન્ડની આગળ પોતાની જીભની બલિ ચઢાવી હશે. તે પછી જ તે હાઈકમાન્ડના પ્રિયપાત્ર બન્યા હશે.'

શંકરલાલ કહે, 'લાંબી જીભના લીધે પેલા નેતાની તબિયત બારે માસ સારી નહોતી રહેતી. એવું છાપામાં લખ્યું હતું. તે ડૉકટરે ખરું નિદાન કર્યું કહેવાય નહીં.' બંડી સ્વામી કહે, 'ઓપરેશન પચી આ નેતા સખણા રહ્યા ખરાં?' 'નવીનભાઈ કહે, 'નેતાની જાત જ એવી. પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય એવું નથી કહેવાતું?'

'શંકરલાલ કહે, 'હા હો માળું, એ વાત સાચી છે. આ નેતાએ ઓપરેશન પછી પાછી પહેલાંના જેવી જ બેટીંગ શરુ કરી દીધી છે.જરાય સુધારો થયો નથી.'

'શૂન્ય' પાણીપુરી ટાપશી પુરાવતાં કહે, 'આ નેતા દરરોજ જીભની લાઈન ઑફ કંટ્રોલ ઓળંગીને ગમે તેના કેમ્પ પર સર્જિકલ સ્ટ્રાઈક કરી આવે છે.'

શંકરલાલ કહે, 'આવા બીજા પણ નેતાઓ છે. જેઓ ગમે ત્યારે જીભથી લાઈન ઑફ કંટ્રોલ ઓળંગીને ગમે તેના કેમ્પ પર સર્જિકલ સ્ટ્રાઈકલ કરી આવતા હોય છે.'

નવીનભાઈ કહે, 'આમાં ના કેટલાંકનું રિમોટ પાછું બીજા કોઈના હાથમાં રહેતું હોય છે. એ બીજા કોઈ કે જેનું કોઈ ડરના લીધે જીભથી નામ લેતા નથી હોતા.'

શંકરલાલા કહે, 'જીભના પ્રતાપે તો ચા વેચવા વાળા પ્રધાન બની જાય છે અને પ્રધાન થયા હોય તે સાઈડલાઈનમાં પણ આવી ગયાના દાખલાં કયાં નથી જોવા મળતાં.'

બંડી સ્વામી કહે, 'ઘણી વખત નેતાઓની લુલી લોચા મારે છે, ત્યારે અભી બોલા અભી ફોક કરી બેઠક વગરના લોટાની જેમ ફરી જતા હોય છે અને થૂંકેલુ ચાટી જતા હોય છે.'

ઉપાધિ આયી ઉર્ફે ઉપાધ્યાય કહે, 'ગમે તે કહો, પરંતુ આવા નેતાઓ જ વાતાવરણ જીવંત રાખે છે. ટી.વી. અને છાપાંઓ આવા નેતાઓના લીધે જ ચાલે છે. નહિંતર બધું કેવું ફિક્કું લાગે.'

# તમારી આંખે શરાબ છલકે અમારી આંખે ખુમાર આવે



**મનના ઉમંગો**

રણછોડ પરમાર

સૌ પ્રથમ પ્રિય વાચકમિત્રોને નવા વરસની અઢળક, મબલખ, સબરંગ શુભેચ્છાઓ. જેઓ 'મનના ઉમંગો' વાંચીને મારા હૃદયના તરંગોને દૂર-સુદૂરથી આછા - પાતળા પણ માણવાનો પ્રયત્ન કરે છે તે સર્વે મિત્રોને હું અંતઃકરણપૂર્વક પ્રણામ કરું છું. જેઓ એકાદ-બે ફકરા વાંચી છાપું અળગું કરે છે અથળા જેઓ કેવળ પૂંછડે વળગાડેલી કવિતા વાંચે છે. પરંતુ ઉપર લખેરી મારી અગડમ બગડમ ગુફતેગો તરફ નડર માંડવાની તસ્દી લેવાનું ટાળે છે અથવા જે વાચકભાઈઓ દર ગુરુવારે અમસ્તી જગ્યા રોકતી આ કોલમ બાજુ અણગમતી ય નજર નાખવાનું સાહસ કરતા નથી. તે સર્વે ભાઈ-બહેનોને મુજ હૃદયનો લાખ લાખ અભિનંદન. જે ભાઈઓ અમસ્તુ છાપુ હાથમાં લઈ કશું વાંચ્યા વગર બે-ચાર મિનિટમાં બધા પાનાં આંખા તળેથી પસાર કરી દે છે. તેઓની કયારેક આવી રીતે વાંચતા - વાંચતા નજર અચાનક જ કોઈ પણ કારણ વગર 'મનનાં ઉમંગો' ભાળી અટકી જાય અને એ સમયે હાથ પાનું ફેરવવાનું પણ કશા કારણ વિના થંભાવી દે એવા સમયે સાવ શૂન્યમનસ્ક ભાવે પણ કદાચ આ કૉદમ વંચાઈ જાય અને અમને એક નવો વાચકમિત્ર મળી જાય. એક આખા વરસમાં આવા બે-ત્રણ ભાવકમિત્રો મળી જાય તો ભયો ભયો. ભલે દસમાંથી આઠ વાચકમિત્ર આવું અષ્ટમ પષ્ટમ વાતોથી કંટાળે પરંતુ એકાદ વીરલો એવો જાગે કે એનું લાગે કે 'અરે ! આ તો મારા જ અંતરની વાત છે!' એ સમયે આપણાં બારેય વહાણ કિનારે પહોંચી જવાના.

ત્રીસમી નવેમ્બરે દિવાળી હતી. તે જાય સૌએ ધૂમધડાકા સાથે ઊજવી હશે. બીજા દિવસે નવું વરસ પણ બેસી ગયું. તમે બધાએ તો વહેલી સવારે નવાનક્કોર કપડાં પહેરી દેવદર્શન નીકળી પડ્યા હશો. પણ એ સવારે આકાશને આંગણે આવેલા નવા વરસના સૂરજે કોઈ નવા રંગો ધારણ કર્યા છે કે નહીં તે તરફ ધ્યાન શાનું જાય? સામેના ઝાડ પર રહેતાં પંખીડા આખી રાત બોંધ ધડાકાના અવાજે ધડકતા રહ્યા હશે પણ સવાર પડતાં, અજવાળું થતાં, 'ચાલો આ અજંપાભરી રાત તો પસાર થઈ!' એવો હાશકારો થતાં કંઈક દબાતા-દબાતાં અવાજે તમને આવતા જોઈ થોડુંક 'ચક્ ચક્' કર્યું હશે એ તરફ પણ આપનું ધ્યાન કયાંથી જાય? થોડુંક દૂર તમને જોઈ ખાસ તો તમને ઓળખતાં ગલુડિયાં પૂંછડી પટપટાવતા દોડી આવ્યા હશે, એમણે તો તમારું ધ્યાન ફરજીયાતપણે પોતાની તરફ દોર્યું હશે! એંઠવાડો ફંફોસતી ગાયને નિહાળી તમારો ધાર્મિક આત્મા પણ સહેજસાજ સળવળ્યો હશે. મંદિરના દ્વારે ભારતીય વિકાસયાત્રાના સદાકાળ પ્રતીક બની રહેલા ભિખારીઓની સંખ્યા આજના સપરમે દિવસે એકાએક વધી ગયેલી જોવામાં આવશે. મંદિરમાં નવા વાઘા સજેલા દેવ તમારી નજરને લગીરે આઘીપાછી થવા દેશે નહીં. એમાંય જો મંગળાઆરતી ટાણે આપની કાયા મંદિરમાં ઉપસ્થિત હોય તો પછી પૂછવું જ શું? હૃદયને જલસા પડી જાય. ઘણા મંદિરમાં પ્રસાદ પણ વહેંચાય છે. ખરેખર તો જે વહેંચાય એને જ પ્રસાદ કહેવાય, વેચાય એને શું કહેવાય? ખબર નથી. પણ બાળકો પ્રસાદ મળતાં જ ગાંડાઘેલા બની જાય. ખરું પૂછો તો સર્વશક્તિમાન ઈશ્વર સામે કોણ બાળક નથી? બાકી ઊંચા હોદ્દાઓનો ગેરલાભ મેળવી દર્શનમાંય ખાસ સુનિયા મેળવનારા દર્શનાર્થીઓ વિશે આપણે કંઈ કહેવું નથી. કહેવા જેવું બધું જ ભરચક ભીડમાં ભીચકાતી નજરો બધું જ કહી દે છે.

આમ જુવો તો દિવાળી એ પ્રકાશનો તહેવાર છે જયારે હોળી રંગોનો ઉત્સવ છે. મિષ્ટાન વગર તો બધા ય પ્રસંગો અધૂરાં છે. પણ હવે એવું લાગે છે કે દિવાળીમાં પણ રંગો પ્રવેશી ગયા છે. બાળકોના નવાનક્કોર અને રંગબેરંગી વસ્ત્રો પહેરી આમતેમ પતંગિયાંની જેમ ઉડાઉડ કરે છે. એમના પ્રિય ફટાકડાઓમાં પણ જાતજાતના રંગો આવી ગયા છે. રાતે ફૂટતા આકાશી રોકેટો તો અવનવી રંગોળીના છડીદાર જ બની ગયાં છે. રંગોની વાત કરીએ અને રંગોળી ના આવે એવું કઈ રીતે બની શકે? પ્લાસ્ટિકના તોરણ અને રંગોળીઓ ભલે ગમે તેટલા આવે પણ અસલ આસોપાલવનું તો આપણે બાંધ્યા વગર રહી શકવાના નથી. રંગોળીના શોખીનોને વળી આંગણે નાનકડી પણ રંગોળી પૂર્યા વગર સંતોષ ના જાય. ઘણા વળી બેઠકખંડમાં સુંદર-વિશાળ રંગોળી જમાવે છે. 'ગાંધીનગર સમાચાર'માં આવા ફોટોગ્રાફ્સ છાપાની શોભા વધારતા રહે છે. સેકટર-૨સીમાં ભરત શાહની ઈજનેર પુત્રીએ સરસ મજાની 'સર્જિકલ સ્ટ્રાઈક'ની રંગોળી કરી છે. ચિ. રોહિણી અને વિલાસે મળીને પણ ગણપતિદાદાને માખણ ખવડાવતા બાલકૃષ્ણની રંગોળી બનાવી છે. પણ કોઈ એનો ફોટો પાડવાનું નથી અને છાપામાં મોકલવાનું નથી. મિત્રો આવે છે, જુએ છે અને વખાણે છે એટલું ઘણું છે. ઝાઝી અપેક્ષા નથી.

ગયું વરસ તો ગયું. નવું વરસ પલાંઠી વાળીને બેસી ગયું છે. અંધારી રાતને ભૂલી જવાની છે. સુંદર ઉષા ખીલી છે. તેના રંગો માણવાનો છે. 'શયદા' એ દસ શેરની આવી એક મસ્ત ગઝલ લખી છે. તેમાંથી અડધી ગઝલ હું રજૂ કરું છું, મજા આવે તો આખી ગઝલ મેળવીને જરુરથી વાંચજો, ઝૂમી જવાશે.

### અડધી ગઝલ

**જનારી રાત્રી જતાં કહેજે સલૂણી એવી સવાર આવે,**
**કળી કળીમાં સુવાસ મહેંકે ફૂલો ફૂલોમાં બહાર આવે.**
**હૃદયમાં એવી રમે છે આશા ફરીથી એવી બહાર આવે,**
**તમારી આંખે શરાબ છલકે અમારી આંખે ખુમાર આવે.**
**વિચારવાળા વિચાર કરજો, વિચારવાની હું વાત કરું છું,**
**જીવનમાં એથી અધિક શું છે? વિચાર જાયે વિચાર આવે.**
**તમારી મહેફિલમાં એ જ રંગત, તમારી મહેફિલમાં એ જ હલચલ,**
**હજાર બેસે, હજાર ઊઠે, હજાર જાયે, હજાર આવે.**
**હૃદયમાં કોની એ ઝંખના છે? નયન પ્રતીક્ષા કરે છે કોની?**
**ઊભો છે 'શયદા' ઉંબરમાં આવી ન જાય ઘરમાં ન બાર આવે.**

- 'શયદા'

# જાગો ને ધ્યેય જાણી, કૂચને શરૂ કરી દો, મંઝિલ ભલે ને આગળ એને સ્વીકારી લજો!



**લાગણીનો મેળો**

રસિક વાળંદ

*ઉગતા નૂતન પ્રભાતે માંગલ્ય ઉર ભરજો,*
*ને કલેશ, દ્વેષ કાઢી દિલની દિવાળી કરજો!*
*વિત્યાં અનેક વર્ષો નૈરાશ્યથી ભરેલા,*
*આશા દીપક જલાવી નૈરાશ્ય બાળી દેજો!*
*દુનિયાને રાજી કરવા, ખુદ જીવન છો ભૂલ્યા!*
*ખુદમાં રમે ખુદા જે એની પીછાણ કરજો!*
*શત્રુ અનેક સર્જ્યા ખુદના ઘમંડમાંથી,*
*અભિમાન સઘળું બાળી મૈત્રી સ્વીકારી લેજો!*
*રાત્રે બીડેલ પુષ્પો કેવાં ખીલે સવારે,*
*આજે નવાં પ્રભાતે જીવન ખિલાવી દેજો!*
*ડરનું દફન કરીને નિર્ભય થવાનું શીખજો,*
*ને પ્રેમના કવનને થોડુક ગાઈ લેજો!*
*સંકટ ભલેને મળતાં સૌને હટાવી દેજો.*
*કંટક ત્યજીને ફૂલની સુગંધ માણી લેજો.*
*જાગો ને ધ્યેય જાણી, કૂચને શરુ કરી દો,*
*મંઝિલ ભલે ને આગળ એને સ્વીકારી લેજો!*

(સ્વા.ગીતમાલા ભા-૧)

બહાર દીવડા તો પેટાવ્યા પ...ણ.... દિલમાં પ્રદીપ પ્રગટાવ્યો ખરો?!

નવાં સંકલ્પો..... નવા નિશ્ચયો કર્યા ખરા?

જિંદગીના ચોપડાનું સરવૈયું માંડ્યું ખરું?

ગત વર્ષના ખરા—ખોટા અનુભવોને તટસ્થતાપૂર્વક મૂલવ્યા ખરા?

નવા વર્ષે એકબીજાને મળીને નમસ્કાર કરવા કે ભેટવું એટલા પૂરતું જ તેનું મહત્વ નથી... નૂતન વર્ષ—બેસતું વર્ષ એ તો ધ્યેય પૂજન છે.

પસાર થયેલી ક્ષણો હળવે સાદે ટપારી જાય છે. કઈક શીખવી જાય છે. પ..ણ... આપણે સાનમાં સમજ્યા ખરા?! ક્યારેક વાત વાતમાં કહીએ પણ ખરા કે ''તમારા કરતાં બહુ દિવાળી જોઈ છે.'' આ 'વધારે દિવાળી જોવી' એ શબ્દો જ ગર્ભિતપણે સૂચવે છે કે પસાર થયેલાં વર્ષોમાં આત્મમૂલ્યાંકન કરી કઈક ઘડાયો છું તેથી ખોટો તો નથી જ.

ગીતાકાર કૃષ્ણ આપણને આંગળી ચીંધી કહે છે,- 'જન્મ,મૃત્યુ,જરાવ્યાધિ,દુઃખ દોષાનુદર્શનમ''. ક્યારેય આપણે આ (જન્મ,મૃત્યુ,જરા,વ્યાધિ,દુઃખ,દોષો) બધાનું અનુદર્શન કર્યુ ખરું? આપણે ઉંમરથી મોટા થતા જઈએ છીએ પરંતુ વાસ્તવમાં તો આપણે મૃત્યુ પ્રતિ ગતિ કરીએ છીએ. આ સંસારમાંથી આપણી હયાતીની ક્ષણો ઘટતી જાય છે. આ સમજ કેળવાય તો જિંદગી માણવા યોગ્ય લાગે....

વાચકમિત્રો, આપ સૌને સમાનધર્મી માની મારા વિચારો વહેંચું છું. અહી શિખામણ—કે બોધ—ઉપદેશ આપવાનો હેતુ નથી. હું તો પરોક્ષપણે સંવાદ સાધુ છું... ઘણીયવાર જીવાતા જીવનમાં ડગલે ને પગલે નાના મોટા અંતરાયો—સંઘર્ષો આવે ને મન વિચલિત થઈ જાય... જીવવાનો જુસ્સો નરમ થઈ જાય.... સંતાનો, સ્વજનો અપેક્ષામાંથી વિરુદ્ધ આડા ફંટાય... કારણ વગર કલેશ સર્જાય.... ઉત્સાહ ઓસરી જાય ને મન મરી જાય—આવા વૈફલ્ય વચ્ચે કોઈક વિચાર કે વિચારશીલ વ્યક્તિની હૂંફ જીવાડી જતી હોય છે.

મારે મન જીવનની પ્રત્યેક પળ ઉત્સવ છે. જેને આપણે બરાબર ઊજવતા નથી. આપણી અંદર ઉત્સવ પ્રિયતા ધૂંધળી છે. અંધકાર છવાયો છે. જીવનબોધ આપનારા પર્વો સાવ ઉપલકિયા ભૌતિક ઝાકમઝાળમાં અટવાયા છે. એમાંથી બહાર નીકળી... જરા હટકે.... થોડુક વિચારીએ તોયે ઘણું...!!

આ પૃથ્વી પર મનુષ્યદેહ ધરી મેં શી ધાડ મારી? અગાઉ દાયકાઓ પૂર્વે જોયેલું... જાણેલું...માણેલુ — એ બધું નેસ્તનાબૂદ થયું... સઘળું બદલાયું... ભૂતકાળ તરફ નજર નાંખું તો લાગે કે એક સમય હતો અકલ્પ્ય અભાવો વચ્ચે અવર્ણનીય આનંદ અનુભવતા. આજે ઈચ્છિત બધું જ પ્રાપ્ય છતાં હવે મઝા કેમ આવતી નથી? આ સર્વવિદિત સવાલ મૂંઝવે... પીડે છે... આ પીડા પાછળ આપણી સંવેદનશૂન્યતા જ જવાબદાર છે. કામ પૂરતા સંબંધો... સ્વાર્થથી શ્વસતા સંબંધો... કામમાં આવે તો ખરા... સંતાનોને પણ મા-બાપ તાબે થાય તો ગમે...

કોઈ માનથી બોલાવે... પ્રેમથી જુએ... પ્રશંસા કરે આવી છાની અપેક્ષા તો સૌ કોઈને હોય જ પ...ણ... આપણે જે ઈચ્છીએ છીએ એવો વ્યવહાર કદી બીજા માટે કરીએ છીએ ખરા? બાવળ વાવી કેરી મળે ખરી? આ જગતતો સાપેક્ષ છે. જેવું ઈચ્છો તેવો વ્યવહાર કરો. સભાનપણે ગંભીરતાપૂર્વક જીવતાં શીખીએ તો આ સઘળું સમજાય.

દોસ્તો, માનવજીવનની યાત્રાનો મંગલ મહોત્સવ પ્રત્યેકે ઊજવવા જેવો છે. નવું વર્ષ હવે જે શેષ જીવન બાકી રહ્યું છે તેને સાવધાનીપૂર્વક વાપરવાનું સૂચવે છે. સમય તો સરકતી રેતી જેવો છે. સડસડાટ વહી જશે. કાળ સાથે તાલ મિલાવવાનું શીખવું પડે. વર્ષોની આવન-જાવન ચાલુ રહેશે. પરંતુ વહી જતા સમયનો સ્પર્શ આપણે અનુભવીએ છીએ ખરા?! નવું વર્ષ જગાડે છે. ઊઠો... જાગો ને જાતને ઢંઢોળો...!! નવા સંકલ્પો—નવા નિશ્ચયો... આદર્યા અધૂરા પૂરા કરો... કારણ માનવ જીવનનો બહુ મોટો જો કોઈ વૈભવ હશે તો તે જીવનના કરાર—દ્રઢ સંકલ્પો છે. સંકલ્પ બળ છે. જે રંક ને રાય બનાવી શકે છે, સંકલ્પશૂન્ય જે હોય તે પણ ગુમાવી બેસે છે. કાળની ગર્તામાં દટાઈ મરે... આમ જોઈએ તો પ્રત્યેક જણ કશાકનો વ્રતધારી હોય છે. દરેકના હૈયામાં કઈ ને કઈ પ્રતિજ્ઞા ધરબાયેલી પડી હોય છે. ગમે તેવા સંકટો માંયે પરમતત્વની ઓથ લઈ જીવનારા આ દેશમાં જોવા મળશે. એક સમયે 'સ્વ' નહિ 'સમષ્ટિ'નું હિત કાળજે કોરાયેલું હતું. કાળક્રમે 'સ્વ'—અર્થ માટે જ સૌ જીવવા માંડ્યા. હવે પુનઃ જાગવાનું છે. પોતાની પહોંચ મુજબનું વર્તુળ દોરી એમાં તન-મન-ધનથી સાચું યથાર્થ પારદર્શી રીતે જીવવા મથીએ.

પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલે (પૂ.દાદા) તો સાવ નોંખી વાત કહેતા કે, 'હું રોજ ઓછામાં ઓછા એક માણસ પાસે પ્રભુના વિચારો લઈ જઈશ જ' આવા દૈવીય સંકલ્પો જીવનમાં ઊભા થાય તે જ ખરી દિવાળી છે. લાખો કરોડો લોકોના જીવનમાં પ્રભુ વસે છે. પણ તે ખોળિયાને દૈવી તેજસ્વી વિચારો મળ્યા નથી તેથી જીવન નિસ્તેજ, નિષ્પ્રાણ બન્યું છે. આવા જીવનમાં રામ ઉભો કરનારી ત્રિકાળસંધ્યા સમજાવવા માનવગૌરવ નિર્માણ કરવા અંતિમ માનવ સુધી સૌએ પહોંચવાનું છે. તે કામ આપણે કરવાનું છે. પગ પકડવાના પ્રભુના અને પગ દોડાવવાના પ્રભુ માટે...'

સુખ સાહ્યબીની ઝંખના કોને ન હોય? પુરુષાર્થને અપેક્ષિત સઘળું સાંપડે પણ ખરું પરંતુ એ પચાવવાની સાત્વિકતા અગર માનસિક શક્તિ, સંસ્કાર ન હોય તો વૈયક્તિક જીવનમાં કે સામાજિક જીવનમાં પાંચ અસુરો—પૌરુષહીનતા, શૃંગારપ્રિયતા, વિદ્યાહીનતા, આળસ અને વ્યસનાધીનતા વગેરે પેદા થાય.

મિત્રો, નવા વર્ષે નવાં ચોપડા અને નવી જ લેવડ દેવડ શરુ થાય છે. ધર્મ,ન્યાય,નીતિ અને માનવીને છાજે તેવા શુભ સંકલ્પો સાથે નવો વ્યવહાર શરુ થાય છે. વેપારી લોકો નવા ચોપડામાં જૂનું કશું જ રાખતા નથી. નવા કોરા ચોપડામાં નવું જ લખાય તેવી રીતે આપણે પણ જિંદગીના ચોપડામાં કઈક નવું જ આલેખીએ!!!

### સ્પર્શમણિ :

જીવનમાં સફળતાના ચાર માર્ગ.... આંખમાં વિકાર નહિ... મનમાં ધિક્કાર નહિ..... અંતરમાં અંધકાર નહિ..... જીભ પર તિરસ્કાર નહિ....

-Rasikvaland1965@gmail.com